### ૭૭મા સ્વાતંત્ર્ય દિનની રાજ્યકક્ષાની ઉજવણી : મુખ્યમંત્રીશ્રીના હસ્તે વલસાડમાં ધ્વજવંદન

# ગુજરાત અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણ માટે અગ્રેસર રહેશે

**આઝાદી-સ્વરાજ્ય માટે જીવન ખપાવી દેનારા વીર શહીદોના ભારત માતાને પરમવૈભવના શિખરે બિરાજીત કરવાના સ્વપ્નને વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સુરાજ્ય- ગુડ ગવર્નન્સથી હવે દેશ સાકાર કરી રહ્યો છે : આઝાદીના અમૃતકાળમાં ગુજરાતને અગ્રેસર રાખી યુવા પેઢીના ઉજ્જવળ ભાવિ માટે આ વર્ષે રૂપિયા ૩ લાખ કરોડનું ઐતિહાસિક બજેટ આપ્યું છે : મુખ્યમંત્રીશ્રી**









મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૭૭મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ગરિમામય ઉજવણીમાં વલસાડ ખાતે ધ્વજવંદન અને રાષ્ટ્રવંદના કર્યા હતા. તેમણે ખૂલ્લી જીપમાં સવાર થઈ ઉપસ્થિત નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વિશાળ જનમેદનીને સંબોધતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમૃતકાળને કર્તવ્યકાળ બનાવવા આપેલા પંચ પ્રણમાં ગુજરાત ઉત્કૃષ્ટ યોગદાન આપવા પ્રતિબધ્ધ છે. પોતાના પ્રેરણાત્મક પ્રવચનમાં કહ્યું કે, આઝાદી-સ્વરાજ્ય માટે જીવન ખપાવી દેનારા વીર શહીદોના ભારત માતાને પરમ વૈભવના શિખરે બિરાજીત કરવાના સ્વપ્નને વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં હવે દેશ સુરાજ્ય-ગુડ ગવર્નન્સને ચરિતાર્થ કરી રહ્યો છે. રાજ્યના નાગરિકોને સ્વાતંત્ર્યના પાવન પર્વની શુભકામનાઓ પાઠવતા તેમણે ઉમેર્યું કે, વતનની માટીનું ગૌરવગાન કરવાના "મારી માટી, મારો દેશ" અભિયાન અને રાષ્ટ્રની અસ્મિતાના ગૌરવ ઉજાગર કરવાના માર્ગે ચાલીને ગુજરાત અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણ માટે પણ અગ્રેસર રહેવા સંકલ્પબધ્ધ બન્યું છે. રાજ્યની ભાવિ પેઢીના ઉજ્જવળ ભવિષ્યથી વિકસિત ગુજરાત દ્વારા વિકસિત ભારત માટે આ વર્ષે ૩ લાખ કરોડનું ઐતિહાસિક બજેટ આપીને પંચસ્તંભ આધારિત વિકાસનો રોડમેપ કંડાર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ગરીબ અને જરૂરતમંદ વર્ગો માટે પાયાની સુવિધા સહિત સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, વિશ્વકક્ષાની આંતરમાળખાકીય સુવિધાનો વિકાસ, કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીથ ગ્રોથ એમ પાંચ વિકાસ સ્તંભની વિસ્તૃત ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે પર્યાવરણ સાથે સંતુલન સાધીને વિકાસનો-ગ્રીન ગ્રોથનો જે મંત્ર વડાપ્રધાનશ્રીએ આપ્યો છે, તે ગુજરાત પજી થી ભલિ ભાંતિ સાકાર કરશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના આ પ૨ વિકાસની વિશદ છણાવટ કરતાં કહ્યું કે, ગરવું ગુજરાત ગતિશીલ ગુજરાત, ગુણવંતુ ગુજરાત અને ગ્લોબલ ગુજરાત એમ રાજ્યના ૪૫માં હવે ગ્રીન ગુજરાતથી પ૨ બનાવીશું. આ હેતુસર ગ્રીન ક્લીન એનર્જી દ્વારા ગ્રીન ગ્રોથ માટે રાજ્યમાં વિરાટ પ્રોજેક્ટ શરૂ થયા છે, એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આદિજાતિ યુવાઓને ઘરઆંગણે મેડિકલ શિક્ષણ આપવા સરકારે વલસાડ, દાહોદ, રાજપીપળા, ગોધરા જેવા વનવાસી વિસ્તારો સહિત ૮ મેડિકલ કોલેજો શરૂ કરી છે. કેન્દ્ર સરકારે જાહેર કરેલી નવી શિક્ષણનીતિ અંતર્ગત વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગ અને મેડિકલ જેવા પ્રોફેશનલ અભ્યાસક્રમો માતૃભાષામાં ભણી શકે એ દિશામાં સરકાર આગળ વધી રહી છે. એન્જિનિયરિંગના વિવિધ વિષયોના પુસ્તકો ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવી એ દિશામાં ડગલું માંડી દીધું છે. રાજ્યના યુવાનો ઉચ્ચ અભ્યાસ કરીને આગળ વધી શકે તે માટે 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' અંતર્ગત અત્યાર સુધીમાં ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧૮૦૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે.

કાર્યક્રમ સ્થળે વાયુદળના હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા કરવામાં આવી હતી. પોલીસ બેન્ડના જવાનોએ સંગીતમય રાષ્ટ્રગીત રજૂ કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. આ વેળાએ બાળકો દ્વારા ડાંગી નૃત્ય, ગરબા અને દેશભક્તિ ગીતો રજૂ કરાયા હતા. ગુજરાત પોલીસના એસ.ડી.આર.એફ./એમ.ટી.એફ.નો વાવાઝોડા, પૂર, આગ જેવી આપદામાં બચાવનો ડેમો, પોલીસ તાલીમનો ડેમો, મહિલા રાયફલ ડ્રીલ, મોટર સાયકલ સ્ટંટ શો, ડોગ શો, પોલીસ દળ અશ્વ શો દ્વારા હેરતઅંગેઝ કરતબો તેમજ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેને નિહાળીને ઉપસ્થિત સૌ નાગરિકો, મહાનુભાવો મંત્રમુગ્ધ થયા હતા. આ પ્રસંગે મુખ્ય સચિવશ્રી રાજકુમાર, ગૃહવિભાગના અધિક મુખ્ય સચિવશ્રી મુકેશ પુરી, સામાન્ય વહીવટ વિભાગના એ.સી.એસ. શ્રી કમલ દયાની, રાજ્ય પોલીસ વડાશ્રી વિકાસ સહાય, જિલ્લા પંચાયત પ્રમુખ અલકાબેન શાહ, સાંસદ ડો. કે.સી.પટેલ, ધારાસભ્ય સર્વશ્રી જીતુભાઈ ચૌધરી, ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારી મનિષ ગુરવાની, જિલ્લા પોલીસ વડા ડો. કરણરાજ વાઘેલા સહિત જિલ્લાના અગ્રણી મહાનુભાવો અને નાગરિકો, જિલ્લા વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ દ્વારા ધ્વજવંદન

**વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની તિરંગા યાત્રા અને હર ઘર તિરંગા યાત્રા પાછળ જે હેતુ છે તે સિદ્ધ થયો છે અને દેશના યુવાનોમાં દેશ માટે પ્રેમ વધી રહ્યો છે - સી.આર. પાટીલ**



ગાંધીનગર, તા. ૧૬

વિશ્વના સૌથી મોટા લોકશાહી ધરાવતા ભારત દેશના ઈતિહાસમાં ૧૫મી ઓગષ્ટનો દિવસ લાલ રંગથી લખાયો છે. આજ દિવસે ખૂબ લાંબા સંઘર્ષ પછી દેશને સ્વતંત્રતા મળી. આ ક્ષણને જીવંત રાખવા અને સ્વતંત્ર અને સ્વતંત્રતાની ભાવના માણવા માટે સ્વતંત્રા દિવસની ઉજવણી કરવામાં આવે છે. આજના દિવસે સેંકડો મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓએ સંઘર્ષમાં ગુમાવેલ બલિદાન અને જીવનને યાદ કરી શ્રદ્ધાંજલી અર્પણ કરવાનો દિવસ છે ત્યારે આજરોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે ૭૭માં સ્વાતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે ધ્વજ વંદન કાર્યક્રમ આનંદ, ઉત્સાહ અને ઉલ્લાસ સાથે યોજાયો હતો. પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલજીએ તીરંગો લહેરાવી રાષ્ટ્રગીતનું પઠન કરી દેશના ૭૭માં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો અને ભારત માતાની પ્રતિમાને પ્રદેશ અધ્યક્ષ સહિત સંગઠનના મહાનુભાવોએ પુષ્પો અર્પણ કર્યા તેમજ ઓટોરિક્ષા એસોસિએશન દ્વારા વિશાળ રીક્ષા રેલીની તીરંગા યાત્રાને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલજીએ પ્રસ્થાન કરાવ્યું.

પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલજીએ આ પ્રસંગે મીડિયાને સંબોધતા જણાવ્યું કે આજે ૭૭માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે પ્રદેશ કાર્યાલય ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. છેલ્લા ૨ વર્ષથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે તિરંગા યાત્રા અને હર ઘર તિરંગાની પ્રેરણાથી આજે ગુજરાત સહિત સમગ્ર દેશમાં તિરંગા યાત્રા યોજવામાં આવી જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો અને હર ઘર તિરંગા અભિયાનમાં નગરજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તેમના ઘરે તિરંગો લહેરાવ્યો છે. આપણા દેશની આવનાર પેઢીને આ સ્વતંત્રતા મળતા પહેલા શહિદોએ અંગ્રેજોની ગોળી છાતીમાં જીલી અને જે યુવાનોએ દેશ માટે શહિદી વ્હોરી છે તેમજ યુવાનોએ તેમની જવાની જેલમાં ખૂબ જ પિડાદાયક કષ્ટ વેઠીને ગુજારી છે તો આ સમયે તેમને સાચા રૂપે શ્રદ્ધાંજલી આપવામાં આવે છે. પાટીલજીએ વધુમાં જણાવ્યું કે ૧૪મી ઓગષ્ટે ભારતનું વિભાજન થયું અને ત્રણ ટુકડા થયા તેની અંદર ૨૦ લાખથી વધુ લોકો હોમાયા તેમને યાદ કરીએ તેટલે વિભાજન વિભીષીકા દિવસ નિમિત્તે મશાલ રેલી અને મૌન રેલીનું આયોજન કરવામાં આવે છે. આજના આ પર્વમાં જે શહિદોએ જે સ્વતંત્રતા મેળવવામાં તેમની આહુતી આપી છે તેમને યાદ કરીએ છીએ અને સંકલ્પ પણ કરીએ છીએ.

## 'એટ હોમ' કાર્યક્રમ વીર ક્રાંતિકારીઓના ચરણોમાં વંદન કરવાનો અવસર : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી





૭૭ મા સ્વાતંત્ર્ય પર્વની સંધ્યાએ રાજભવન સંકુલમાં નવનિર્મિત મહર્ષિ દયાનંદ સભામંડપમાં સૌપ્રથમ વખત ઐતિહાસિક 'એટ હોમ' કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્વાતંત્ર્ય પર્વે રાજ્યના આગેવાન નાગરિકો સાથે શુભેચ્છાઓની આપ-લે કરી હતી. આ પ્રસંગે મંત્રીમંડળના મંત્રીઓ સહિત રાજયસભાના સભ્ય તેમજ ધારાસભ્યો રીટાબેન પટેલ (ગાંધીનગર ઉત્તર) અને જયંતિભાઈ પટેલ (માણસા) સહિત વાયુ કમાન્ડના એર ઓફીસર કમાન્ડીંગ ઈન ચીફ એર માર્શલ નર્મદેશ્વર તિવારી, સેનાના વરિષ્ઠ અધિકારીઓ, સરકારના પદાધિકારીઓ, રમતવીરો, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના પરિવારજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

### તિરંગો ફરકાવ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આગામી પાંચ વર્ષ અભૂતપૂર્વ વિકાસના છે. ૨૦૪૭ના સપનાને સાકાર કરવા સૌથી મોટી સ્વર્ણિમ ક્ષણ આગામી પાંચ વર્ષ છે. આગામી ૧૫ ઓગસ્ટે આ લાલ કિલ્લામાં દેશની ઉપલબ્ધિઓ અને વિકાસ આપની સામે રજૂ કરીશ. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, ભારતને દુનિયાની ટોપ ૩ અર્થવ્યવસ્થામાં સ્થાન અપાવશે. તેમણે કહ્યું કે, આ મોદીની ગેરેન્ટી છે, કે ભારત આગામી ૫ વર્ષમાં દુનિયાની ટોપ ૩ અર્થવ્યવસ્થામાં પોતાની જગ્યા બનાવશે. પીએમ મોદીએ કહ્યું કે, હું એ તમામ બહાદુર દિલોને પોતાના શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું, જેમણે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં પોતાનું યોગદાન આપ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે, આ કાળખંડના નિર્ણયે હજારો વર્ષના સ્વર્ણિમ ઈતિહાસ લખશે.

પીએમ મોદીએ કહ્યું કે, આપણે અત્યારે જે પણ નિર્ણય કરીશું તો ૧૦૦૦ વર્ષ સુધી આપણું ભાગ્ય લખવાનું છે. હું દેશના દીકરા-દીકરીઓને કહેવા માગું છું કે, જે સૌભાગ્ય આજે મળ્યું છે, ભાગ્યે જ કોઈના નસીબમાં હશે, જેને આ મળ્યું છે. તેને ખોવાનું નથી. મને યુવા શક્તિ પર વિશ્વાસ છે. આજે મારા યુવાનોએ દુનિયામાં ત્રણ પહેલા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં સ્થાન અપાવ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે, ભારતે જે કમાલ કર્યું છે, તે દિલ્હી મુંબઈ ચેન્નાઈ સુધી સીમિત નથી. ટિયર ૨ અને રિયર ૩ સિટીના નૌજવાન પણ ભાગ્ય બનાવી રહ્યા છે. દેશનું જે સામર્થ્ય દેખાઈ રહ્યું છે, તે નાના શહેરોમાંથી બહાર આવી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે, અવસરોની કમી નથી. આપ જેટલા અવસરો માગશો, દેશ એટલા અવસર આપવા માટે સમર્થ છે. દેશમાં વિશેષ શક્તિ જોડાઈ રહી છે. માતાઓ બહેનોની શક્તિની. આ આપનો પરિશ્રમ છે. ખેડૂતોની શક્તિ જોડાઈ રહી છે. દેશની કૃષિના ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છે. હું મજૂરો,શ્રમિકોને કોટિ કોટિ અભિનંદન આપવા માગું છું. પીએમ મોદીએ કહ્યું કે, અમે દરેક વર્ગના લોકોના વિકાસ માટે અને જરુરિયાતના હિસાબથી અલગ મંત્રાલયની સ્થાપના કરી છે. તેનાથી સમાજના દરેક વર્ગ સાથે આવ્યો. આજે અમે વિશ્વની અર્થવ્યવસ્થામાં પાંચમી નંબર પર આવી ગઈ છે. આ કંઈ એમ જ નથી થયું. સરકારે ભ્રષ્ટાચાર ખતમ કર્યો. પહેલા ભ્રષ્ટાચારનો રાક્ષસ દેશને ઘેરીને બેઠો હતો. લાખો કરોડના કૌભાંડ થયા અને કૌભાંડે દેશની અર્થવ્યવસ્થાને બરબાદ કરી દીધી છે. પીએમ મોદીએ કહ્યું કે, આપણે આગામી મહિને વિશ્વકર્મા યોજના લોન્ચ કરીશું અને આ યોજના પર ૧૫ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે.

### ચંદ્રયાન-3

● અનુસંધાન પહેલાનું ચાલુ

અનુસાર આજે ચંદ્રયાનની યાત્રામાં મહત્વપૂર્ણ પરંતુ નિર્ણાયક ફેરફારો થવાના છે જેમાં ચંદ્રયાન લેન્ડરને અલગ કરવાની પ્રક્રિયા શરૂ કરશે અને આવતીકાલે વધુ એક રાઉન્ડ પૂર્ણ કર્યા બાદ ચંદ્રયાન-૩ના પ્રોપલ્શન મોડ્યુલ અને લેન્ડર મોડ્યુલ બે ભાગમાં અલગ થઈ જશે અને તેમની અલગ મુસાફરી શરૂ કરશે. જો બધું બરાબર રહ્યું તો લેન્ડર તેના સમય મુજબ ૨૩ ઓગસ્ટે ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરશે. આ પહેલા ૧૪ ઓગસ્ટના રોજ ઈસરોએ જણાવ્યું હતું કે ચંદ્રયાન-૩ના થ્રસ્ટર્સ સક્રિય થયા હતા, જેની મદદથી ચંદ્રયાન-૩એ સફળતાપૂર્વક તેની ભ્રમણકક્ષા બદલી હતી. આ અગાઉ ૫ ઓગસ્ટના રોજ ચંદ્રયાન-૩ એ પ્રથમ વખત ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશ કર્યો હતો અને ત્યારથી તે ત્રણ વખત તેની ભ્રમણકક્ષા બદલીને ચંદ્રની નજીક આવ્યું છે.